# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.

બ્લોક-એ,ત્રીજે માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧
Phon No.:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ E-mail:- suratdeo@gmail.com
web :- www.suratdeo.org

જા.નં./મા-૨/વોર કન્શેસન યોજના/૨૦૨૫/12891 તા.10-૧૧-૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી, ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

આ સાથે કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના ક્રમાંક : માધ્ય/યોજના-૨/સ્કો/૨૦૨૫ તા.૧૯-૦૯-૨૦૨૫ના પત્રની જાણ તથા માહિતી મોકલી સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી,

સુરત.જિ.સુરત

માધ્ય/યોજના-૨/સ્કો/૨૦૨૫
કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
સેક્ટર-૧૯, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિ.તમામ.

વિષય: વર્ષ ૨૦૨૫-૨૬ની વોર કન્શેસન યોજના હેઠળની દરખાસ્ત મોકલી આપવા બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક: મશબ/૨૦૯૦/૧૨૮/૧૦૬૬/છ, તા.૦૭/૦૯/૧૯૯૯

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત ઠરાવથી વોર કન્શેસન (યુધ્ધ રાહત) યોજના હેઠળ યુધ્ધમાં શહીદ થયેલ અથવા ઘવાયેલ સૈનિકો તથા માજી સૈનિકોના બાળકોને ટ્યુશન ફી માફી તથા સ્કોલરશીપ જેવી શૈક્ષણિક સવલતો આપવા માટે શિષ્યવૃત્તિ લાભ આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૫-૨૬ માટે વોર કન્શેસન યોજના હેઠળ આપના જિલ્લાની સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ લાભ આપવા માટેની દરખાસ્ત મોકલી આપશો. જે અન્વયે નીચે મુજબની બાબતો ધ્યાને લેશો.

૧. સરકારી અને બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં યુધ્ધમાં શહીદ થયેલા, ઘવાયેલા તથા માજી સૈનિકોના સંતાન- વિદ્યાર્થીઓને લાગુ પડે છે.

૨. કોઇ વાર્ષિક આવકમર્યાદા ધ્યાને લેવામાં આવતી નથી.

૩. યોજના હેઠળ વિદ્યાર્થીને ફી, ગણવેશ, શૈક્ષણિક સાધનો, હોસ્ટેલ ખર્ચ વિગેરે લાભ આપવામાં આવે છે.

૪. વિદ્યાર્થી પાસેથી અરજી સાથે આધાર કાર્ડ, બેન્કખાતાની વિગત, વિદ્યાર્થીના પિતા સૈનિક હોવા અંગેનો સરકારી પુરાવો, મરણનું પ્રમાણપત્ર કે યુધ્ધમાં ઘવાયાના આધાર, છેલ્લા વર્ષની પ્રથમ પ્રયત્ને પાસ થયાની માર્કશીટ મેળવી પ્રમાણિત કરીને મોકલી આપવાની રહેશે.

ઉક્ત વિગતો ધ્યાને લઇ પ્રમાણિત કરેલ આધારો સહિતની દરખાસ્ત નીચે મુજબના નિયત પત્રકમાં માહિતી ભરી દિન-૧૫માં મોકલી આપવાની રહેશે. જે મુજબ અત્રેથી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે વોર કન્શેસન યોજના હેઠળ ગ્રાન્ટ માંગણી વિગત દર્શાવતું પત્રક

| ક્રમ | શાળાનુ નામ અને સરનામુ (સરકારી/ગ્રાન્ટેડ) | વિદ્યાર્થીનું નામ | ધોરણ | જરૂરી ગ્રાન્ટની રકમ રૂ. | માંગેલ ગ્રાન્ટની વિગતવાર માહિતી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |

નોંધ: (૧) આપના જિલ્લામાં કોઇ લાભાર્થી-વિદ્યાર્થી ન હોય તો 'શૂન્ય' માહિતી પણ મોકલી આપશો.
(૨) ઇ-મેઇલ એડ્રેસ: coswar2021@gmail.com

નાયબ શિક્ષણ નિયામક(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

મા-૨ 10/11 10/11

Signature valid
Signed by:Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.09.19 16:38:05

File No: COS/SKO/e-file/276/2024/0599/Scholarship
Approved By: Deputy Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign